# KHAMBHATI CHARITY INTERNATIONAL (KCI) SUMMER PICNIC-2016 REPORT

Khambhati Charity International, USA summer picnic was held on Saturday, Aug 13, 2016, at Roosevelt Park, Edison, New Jersey, USA. Picnic started at 10.00 AM with delicious breakfast, Khambhati style methi gota, dal vada, sev khamni, jalebi, chatni, tea and coffee. Many Khambhatis came from tri states area to have Fun in Picnic and to meet with their friends and families. Entertainment committee has arranged special two hours program Fun & Fair activities for children, young and Adults. It was a great attraction and many had participated in these activities. There were three winners and valuable prizes were awarded by Pooja Chandawalla and Krina Shah. Fun & Fair started at 12.00 noon and ended at 2.00 PM. After these activities, lunch was served with chole bhature & delicious gulabjamboo. During the entire day lemonade, ice tea and cold water were served to cope up with heat and humidity. Sweet corns were served after lunch.

We had (Sabha) "meeting" at 4.00PM. Meeting started with Prayer for Pujya shri Pramukhswami Maharaj and silence of two minutes were observed. Dr. Bhupenbhai Kapadia initiated meeting with prayer, and then gave details of cardiac care center activity and Kidney center donation received from Parekh family. He congratulated new president Monika Patel and requested her to work for Khambhati Charity Int'. He appreciated past President Vinodbhai Vapiwala for his four years services to the Khambhati community. The Board of Trustees & Executive committee of KCI appreciated Shri Mohanbhai Patel for his untiring efforts for the development of Kidney center and raising fund. Board of trustees and Executive committee appreciated Shri Mohanbhai Patel for his untiring efforts for development of new kidney center and raising donations. Monika Patel thanked the committee and board of trustees for giving her a chance to serve the community. Jessica Pandya was honored and awarded by committee for her achievement for SAT score exceeding 1800. Miss Juhi Patel took the responsibility of photography and helps the committee without taking any rest. Committee appreciated her time and commitment to the organization.

Over 300 people attended Picnic. At 6.00 PM dinner served with Masala Khichadi, Ringan Batata Saak, Puri, Tometa sev saak for Jain, Kadi, papad, pickle and pasta for youngsters. Everybody left at 7.00PM with smile and great Fun. It was a great memorable picnic. The food was catered by Khushboo Restaurant & Catering, Edison, NJ.
The following prominent people had attended the picnic with their family: Dr. Bipinbhai Shah, Dr.Thakorbhai Rana, Dr. Jatin Shah, Dr. Bhupenbhai Kapadia and Dr Jignesh Patel.

The board of trustees appreciated Executive committee members - Monika Patel, Vinod Vapiwala, Gaurang Pandya, Bhavesh Shah, Harivadan Patel, Pooja Chandawalla, Jignisha Shah, Krina Shah, Avani Shah and Indravadan Kapadia for their time, hard work and dedication.

On Behalf of KCI Indravadan Kapadia thanked all sponsors, donors, trustees, executive committee, volunteers, and all who attended picnic for their support for making today's event a great success.

# ખંભાતી ચેરિટી ઇન્ટરનેશનલ ( KCI ) ની ઉનાળાની ઉજાણી

ખંભાતી ચેરિટી ઇન્ટરનેશનલ, યુએસએ ની ઉનાળાની ઉજાણી શનિવાર, ઓગસ્ટ 13, 2016 ના રોજ રૂઝવેલ્ટ પાર્ક એડિસન, ન્યુજર્સી, અમેરિકામાં રાખવામાં આવી હતી.ઉજાણીની શુભ શરુઆત ખંભાતી રીતના મેથીના ગોટા, દાલ વડાં , સેવ ખમણી, જલેબી તેમજ ચટણીના સ્વાદિષ્ટ નાસ્તા સાથે ચા અને કોફી સહુએ માણી. ઘણા ખંભાતી પરિવારો ન્યુયોર્ક, ન્યુજર્સી અને પેન્સિલવેનિયા એમ ત્રણે રાજ્યોમાંથી એમના મિત્રો અને પરિવારનાં સ્વજનોને મળવા અને ઉજાણીની મઝા માણવા આવ્યાં હતાં.

આપણી સંસ્થાની મનોરંજન કમિટીએ બાળકો, યુવાઓ અને વડીલો માટે સહુના આનંદ - મેળાની પ્રવૃત્તિ માટે બે કલાકનો ખાસ કાર્યક્રમ ગોઠવ્યો હતો. એનું સહુને ખાસ આકર્ષણ હતું અને ઘણા બધા સ્વજનોએ એમાં ભાગ લીધો હતો. એ માટે સહુ પ્રથમ વિજયી નિવડેલાં ત્રણ સ્વજનોને પૂજા ચંદાવાળા અને ક્રીના શાહ તરફથી અમૂલ્ય ઇનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમ 12:00 થી 2:00ની વચ્ચે યોજવામાં આવ્યો હતો. ત્યાર બાદ લંચમાં છોલે ભટુરે અને સ્વાદિષ્ટ ગુલાબજાંબુ પીરસ્યાં હતાં. આખા દિવસ દરમ્યાન સહુને ગરમી ત્રાસથી બચવા માટે લેમન એઈડ આઈસ ટી અને ઠંડુ પાણી પૂરું પાડવામાં આવ્યું હતું. લંચ બાદ સહુએ મીઠા મધુર મકાઈની મોઝ માણી હતી.

ત્યાર બાદ બરાબર ચાર વાગ્યે બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના અધ્યક્ષ બ્રહ્મનિષ્ટ પરમ વંદનીય પૂજ્ય શ્રી પ્રમુખ સ્વામી મહારાજશ્રીના અક્ષરનિવાસ નિમિત્તે શ્રદ્ધાંજલિ પ્રાર્થના અને બે મિનિટ મૌન સાથે ડો. ભુપેન્દ્રભાઈ કાપડિયાએ ખંભાતી ચેરિટીની સામાન્ય સભાની શરૂઆત કરી. તેઓશ્રીએ કાર્ડિયાક કેર સેન્ટરની પ્રવૃત્તિની અને કિડની કેર માટે પારેખ પરિવાર તરફથી મળેલા દાનની માહીતી આપી. તેઓશ્રીએ સંસ્થાના નવા વરણ કરાયેલા પ્રથમ યુવા મહિલા પ્રમુખ સુશ્રી મોનિકાબેન પટેલને હાર્દિક અભિનંદન પાઠવ્યા. અને ખભાતી ચેરિટીની ખંતથી સેવા કરવા વિનવ્યાં. ખંભાતી ચેરિટીના ટ્રસ્ટી મંડળ અને કાર્યવાકક કમિટી તરફથી આપણા વડીલ શ્રી મોહનભાઇ પટેલ ને કિડની કેન્દ્ર અને સંસ્થા માટે ફંડ ભેગું કરવાના એમના અથાગ પરિશ્રમ માટે હાર્દિક અભિનંદન પાઠવ્યા. તેઓશ્રીએ નિવૃત્ત થતા પ્રમુખ શ્રી વિનોદભાઈ વાપીવાળા ની ચાર વર્ષ માટેની અમૂલ્ય સેવાઓને બિરદાવી હતી. મોનિકાબેન પટેલે કાર્યવાહક કમિટી અને ટ્રસ્ટી કમિટીને એમને સંસ્થના પ્રમુખ તરીકે સમાજ સેવા માટે તક આપવા માટે આભાર માન્યો. કુમારી જેસિકા પંડ્યાને SAT ના 1800 થી વધૂ ઉચ્ચ સ્કોર મેળવવા માટે ખંભાતી ચેરિટીની સ્કોલરશીપ અર્પણ કરી. કુમારી જુહી પટેલને જરા પણ આરામ કર્યા વિના સંસ્થાની કમિટીને મદદ કરવા અને ફોટોગ્રાફીની જવાબદારી સ્વેચ્છાએ સ્વીકારવા માટે કાર્યવાહક કમિટીએ એનો સાદર આભાર માન્યો.

ખંભાતી ચેરિટીની આ વર્ષની ઉજાણીમાં 300 કરતા વધારે ખંભાતીઓએ લાભ લીધો. સાંજના ભોજનમાં બરાબર છ વાગ્યે મસાલા ખીચડી , રિંગણ - બટાટાનું શાક, પુરી, જૈન સમાજ માટે ટમેટો - સેવનું શાક, પાપડ , અથાણું, કઢી અને યુવાઓએ પાસ્તાની મઝા માણી હતી. ત્યાર બાદ સાંજના સાત વાગે સહુએ ખુબ જ આનંદ અને હસતા મોંએ વિદાય લીધી, સાચે જ સહુને ઉજાણી બહુ જ યાદગાર રહી. ખુશ્બુ રેસ્ટોરન્ટ અને કેટરિંન્ગ, એડિસન, ન્યુજર્સી તરફથી ઉજાણીની ભોજન સામગ્રીની બધી સેવા કરવામાં આવી હતી.

ખંભાતી ચેરિટીના સહુ માનવંતા મહાનુભાવો ડો. ભુપેન્દ્રભાઈ કાપડિયા, ડો. ઠાકોરભાઈ રાણા, ડો. બિપીનભાઈ શાહ, ડો. જતીનભાઈ શાહ અને ડો. જીજ્ઞેષભાઈ પટેલ સપરિવાર ઉજાણીમાં જોડાયા હતા.

ખંભાતી ચેરિટીના ટ્રસ્ટી મંડળે કાર્યવાહક કમિટીના જુના અને નવા બધા સભ્યો વિનોદભાઈ વાપીવાળા, મોનિકાબેન પટેલ, ઇન્દ્રવદન કાપડિયા, ગૌરાંગ પંડ્યા, ભાવેશ શાહ, હરીવદન પટેલ, પૂજા ચંદાવાલા, જીજ્ઞિષા શાહ, ક્રીના શાહ અને અવની શાહ બધાના અથાગ પરિશ્રમ અને ભાવપૂર્ણ સમાજ સેવા માટે આદરપૂર્વક આભાર માન્યો.

શ્રી ઇન્દ્રવદન કાપડિયાએ ખંભાતી ચેરિટી વતી સહુ વતન પ્રેમી દાન દાતાઓ, સ્પોન્સર્સ, ટ્રસ્ટીઓ, કાર્યવાહક કમિટીના સભ્યો, સેવાભાવી સ્વયં સેવકો, અને ઉજાણીમાં આવેલા સહુ વતન પ્રેમી સ્વજનોનો હાજર રહી અમૂલ્ય સહકાર આપી આજ ની ઉજાણીને ભવ્ય સફળ બનાવવા માટે સહૃદયતા પૂર્વક આભાર માન્યો. અંતમાં,

'સહુને સુખ હજો નિત્યે, નિરોગી સઘળા હજો
પામજો શ્રેયને સર્વે, દુ:ખ ના કોઈ દેખાશો '